

પાલનપુર શહેરમાં સોની સમાજની વાડી ખાતે મંગળવારે શ્રી ધાન્યધાર ગઢવાડા વીસા શ્રીમાળી સોની સમાજ યુથ ક્લબ દ્વારા નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. (તસવીર : : ગીરીશ સોની, પાલનપુર)

# ડીસાના સનથ ગામે જમીન ફાળવણીમાં છેતરપીંડી

## તત્કાલીન નાયબ કલેક્ટર, મામલતદાર સહિત છ સામે ફરિયાદ

ડીસા, તા. ૬

ડીસા તાલુકાના સનથ ગામના દલિતોને રાજ્ય સરકારે ખેત જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ ૧૩ એકર ૨૨ ગુંઠા જેટલી જમીન ફાળવી હતી. આ જમીન જરૂરીયાતમંદ અને સનથ ગામ આજુબાજુ આઠ કિલોમીટર એરિયામાં રહેતા દલિત લાભાર્થીઓને આપવાની હતી. જો કે તે સમયના નાયબ કલેક્ટર અને અન્યોએ નિયમ વિરૂદ્ધ આ જમીન બીજાને ફાળવતા વિવાદ સર્જાયો હતો. જેના લાંબી કાનૂની લડત બાદ ડીસા ઉત્તર પોલીસમથકે તત્કાલીન નાયબ કલેક્ટર, મામલતદાર ડીસા સર્કલ, ઓફિસર સહિત છ સામે ગંભીર પ્રકારના ચાર્જ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠાના ડીસા ઉત્તર પોલીસમથકે દલિત લાભાર્થીઓને સરકાર તરફથી મળવા પાત્ર જમીન અન્યોને ખોટા દસ્તાવેજો અને ગુનાહિત કાવતરાએ ફાળવી ફોજદારી ગુનો કર્યાના કેસમાં નાયબ કલેક્ટર, મામલતદાર ડીસા, સર્કલ ઓફિસર સહીત છ સામે ગુનો દાખલ થયાની ઘટના સામે આવતા મહેસુલ વિભાગમાં સન્નાટો ફેલાઈ ગયો છે. ઘટનાની પોલીસ ફરિયાદે બહાર આવેલી વિગતો એવી છે કે ડીસા તાલુકાના સમથ ગામના દલિતોને રાજ્ય સરકારે ખેત જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ૧૩ એકર ૨૨ ગુંઠા જેટલી જમીન ફાળવી હતી. નિયમ મુજબ જમીનની ફાળવણી માત્ર અને માત્ર સનથ ગામ આજુબાજુ આઠ કિલોમીટર એરિયામાં રહેતા દલિત લાભાર્થીઓને આપવાની હતી. આ ફાળવણીમાં સરકાર તરફથી વર્ષ ૨૦૧૧ માં તે વખતના તત્કાલીન નાયબ કલેક્ટર પી. કે. હદુલા, ડીસા મામલતદાર, એન.એસ. ગઢવી, સર્કલ ભીલડી સહીતના જવાબદાર અધિકારીઓ દ્વારા નિયમ મુજબ આ ફાળવણી કરવાની થતી હતી. જો કે ખેત જમીન ટોચમર્યાદા કાયદા હેઠળ ૧૩ એકર જેટલી જમીન ફાળવી હતી. જેમાં કેટલાક કેસોમાં દૂર રહેતા અન્ય દલિત લાભાર્થીઓને ખોટા સોગંધનામા અને દસ્તાવેજો ફાળવી ગેરરીતી આચરી હોવાનું રેકર્ડ પર આવ્યું છે. જેથી સાચા દલિત લાભાર્થીઓએ ન્યાય મેળવવા જે તે વખતના જિલ્લા કલેકટર એમ થેન્નારસન સમક્ષ ફરિયાદ કરી હતી. જેની સુનાવણીમાં સમગ્ર કાર્યવાહી હાથ ધરનાર તત્કાલીન નાયબ કલેક્ટર ડીસા, મામલતદાર, ડીસા સર્કલ, ઓફિસર ભીલડી દ્વારા કરાયેલ ગંભીર ક્ષતિઓ બહાર આવી હતી અને જિલ્લા કલેક્ટરે આ જમીન ફાળવણી હૂકમ રદ કરી સમગ્ર મામલાની ન્યાયિક તપાસ કરી નિરીક્ષણ કર્યું હતું કે ગેરરીતી થયાનું અને ખોટા બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા માગણીદારો અને જવાબદાર સર્કલ ઓફિસર ભીલડી, મામલતદાર ડીસા અને નાયબ કલેક્ટર ડીસા, તમામનો સામાન્ય ઈરાદો બહાર લાવવા ખોટા અને બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા અને તેનો સાચા તરીકે ઉપયોગ કરવા સંબંધી થયેલ ગુનાની કાર્યવાહી કરવી જરૂરી માનું છું તેવુ સ્પષ્ટ જણાવ્યું હતું. જે બાદ આ મામલે દલિત સમાજ માટે લડતા સનથ ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ઈશ્વરભાઈ પરમારે જરૂરી પુરાવા અને જિલ્લા કલેક્ટરના ન્યાયિક હૂકમને મુખ્ય પુરાવા રૂપે રજુ કરી વિગતે ઉત્તર પોલીસમથકે તત્કાલિન નાયબ કલેક્ટર ડીસા, મામલતદાર ડીસા, સર્કલ, ઓફિસર, તેમજ નોટરી એમ.એસ. ઠક્કર તેમજ અન્ય બે સહિત છ ઈસમો સામે ધારાધોરણસર ફરિયાદ ફરિયાદ આપી હતી. ગુનાની ગંભીરતા જોઈ ડીસા ઉત્તર પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. સુતરિયાએ તમામ છ આરોપી વિરૂદ્ધ ફસ્ટ ગુના રજી/નંબર ૫૮/૨૦૧૩ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ...




ફોન નીચે મુકી દે... દરવાજે વેલકમ લખેલું ભુસી નાખ.. કપડાં ઘરેણાં કાઢી નાંખ..મીઠાઈ ફેંકી દે.. સારી ખીચડી બનાવ...બહુ હેપી ન્યુ યર થઈ ગયું...

# વડનગર ખાતે ૧૧-૧૨ નવેમ્બરે તાનારીરી મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તા. ૧૧ અને ૧૨ નવેમ્બરના રોજ તાનારીરી મહોત્સવ યોજાનાર છે. ૧૧ નવેમ્બરના રોજ આ મહોત્સવનું ઉદ્‌ઘાટન રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા કરશે. આ દિવસે સાંજે ૭.૩૦ કલાકે કાર્યક્રમ શરૂ થનાર છે.

આ મહોત્સવમાં મંત્રીશ્રી સાથે શિક્ષણ તેમજ મહેસાણા જિલ્લા પ્રભારી મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, નાણા મંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ, રાજ્ય કક્ષાના રમતગમત યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે કુમારી મોસમ મલકા દ્વારા ગાયન, આરાધના, સંગીત એકેડમી અમદાવાદના કલાકારો દ્વારા પ્રસ્તુતિ (ગૌરવ પુરસ્કૃત શ્રીમતી ડૉ. મોનીકા શાહ દ્વારા નિર્દેશિત) મંજુબેન મહેતા દ્વારા સિતાર વાદન, સુશ્રી બેગમપરવીન સુલતાના દ્વારા ગાયન સહિત સંગીતના સુર તાનારીરી સમાધિના સ્થળે રેલાવશે.

૧૨ નવેમ્બરના રોજ સુશ્રી હિમાની વ્યાસ મુંબઈ દ્વારા ગાયન, સપ્તક સંસ્થાન અમદાવાદના કલાકારો દ્વારા સુશ્રી હેતલ મહેતા દ્વારા નિર્દેશિત સમુહ તબલા વાદન, સુશ્રી દિપ્તી દેસાઈ દ્વારા ગાયન અને પદ્મભુષણ શ્રીમતી એમ. રાજન દ્વારા વાયોલીન વાદન રજુ કરાશે.

આ મહોત્સવમાં સાંસદ સર્વેશ્રી જયશ્રીબેન પટેલ, જગદીશ ઠાકોર, નટુજી ઠાકોર, અલકાબેન ક્ષત્રિય તથા ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેનશ્રી પૂંજાજી ઠાકોર, જળસંચય સમિતિના ચેરમેન અંબાલાલ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ પટેલ, પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેનશ્રી જયંતિભાઈ બારોટ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ડાયરેક્ટર વસંતભાઈ રાવલ ઉપસ્થિત રહેનાર છે.

ધારાસભ્યો સર્વેશ્રી નારાયણભાઈ પટેલ, ઋષિકેશ પટેલ, ભરતસિંહ ડાભી, પ્રહલાદભાઈ પટેલ, રમેશભાઈ ચાવડા આ મહોત્સવમાં હાજરી આપનાર છે. આ ઉપરાંતરાજ્યના મુખ્ય સચિવ વરેશ સિંહા પણ હાજર રહનાર છે.

આ સમગ્ર મહોત્સવનું આયોજન સચિવશ્રી ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગર નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. પટેલ અને વડનગર પાલિકા પ્રમુખશ્રી સુનિલ મહેતા દ્વારા કરાયેલ છે.

નાગરિકોને પધારવા રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ ભાગ્યેશ જહા અને મહેસાણા જિલ્લા કલેક્ટર રાજકુમાર બેનીવાલે અનુરોધ કર્યો છે.



ઉમરેઠ તાલુકાના ગામોમાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને કરોડો રૂપિયાનું ખેતીમાં નુકસાન થવા પામ્યું છે. જેનું ખેડૂતોને કોઈ પણ પ્રકારનું વરતર મળ્યું નથી. પરિણામે બે દિવસ ઉગાઉ ઉમરેઠ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા યુથ કોંગ્રેસના પ્રમુખ રવિભાઈ પટેલની આગેવાનીમાં કાર્યકરોએ રેલી યોજી હતી અને ખેડૂતોના વળતર મામલે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. (તસવીર : શહીદ ચૌહાણ, ઉમરેઠ)

# મોહનપુર પંચ જાગાસ્વામી સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની સાબર ડેરી ઓડીટોરીયમ ખાતે બુધવારે મોહનપુર પંચ જાગાસ્વામી સમાજ દ્વારા સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. આ સ્નેહ મિલન સંમેલનમાં સમાજના ૮૧ વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સમાજના એકથી કોલેજ સુધીમાં પ્રથમ, બીજો અને ત્રીજા નંબરે આવેલા તેજસ્વી તારલાઓનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. અને આગામી ૧૦માં સમૂહલગ્નના આયોજનની ચર્ચા પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના મંત્રી વિનોદભાઈ ડી. ચૌહાણ, પ્રમુખ ઘનશ્યામભાઈ ચૌહાણ, યુવક મંડળ પ્રમુખ શૈલેશભાઈ ચૌહાણ અને મંત્રી જયંતિલાલ સોલંકી સહીત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- આંધ્રમાં ટીડીપી વિધાયકો દ્વારા બે દિવસ રસ્તા રોકો આંદોલન.
- છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનો જોમવંતો બનતો પ્રચાર.
- બાંગ્લાદેશમાં ૧૫૦ વિદ્રોહી સૈનિકોને ફાંસીની સજા.
- આરટીઆઇ એક્ટિવિસ્ટ અમિત જેઠવાનાં હત્યાનાં સંદર્ભે ગુજરાતનાં સાંસદ દિનુભાઇ સોલંકીની સીબીઆઇ દ્વારા ધરપકડ બાદ પૂછપરછ.
- દિવાળી-બેસતા વર્ષે સરદાર સરોવર ડેમ ઓવરફ્લો થતાં પ્રવાસીઓમાં ઉત્સાહનું મોજું.
- નાઇજિરીયામાં મકાન ધરાશાયી થતાં ૪નાં મોત, અનેક ઘાયલ.
- સ્ટેટ બેંક તથા અન્ય બેંકોએ વ્યાજદરમાં વધારો કર્યો.
- જાણીતા કુકીંગ નિષ્ણાંત પદ્મશ્રી તરલા દલાલનું નિધન.
- નવા વર્ષના વધામણા અર્થે અંબાજી, ડાકોર, પાવાગઢ, દ્વારકા, સોમનાથ, દીવમાં પ્રવાસીઓની ભારે ભીડ.
- જોધપુર કોર્ટમાં પોલીસે આસારામ યૌનશોષણ અંગેના કેસમાં ૧૩૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી.
- મંગળ મિશનનાં સફળ ઉડ્ડયનથી ભારતીય વૈજ્ઞાનિકોની સીમાચિહ્ન સિદ્ધિ.
- ડુંગળીના ભાવ બાદ ટામેટાનાં ભાવ રૂા. ૧૦૦ ની સપાટી વટાવી, દિલ્હીમાં ૧ કિલો ટામેટાનાં ૧૦૦ રૂપિયા.
- આસામમાં ભૂકંપનાં આંચકા.
- દિલ્હીમાં કામવાળી બાઇની હત્યા અંગે બસપાના સાંસદ અને તેમની પત્નીની ધરપકડ.
- વિધાનસભામાં ધારાસભ્યોની ટિકીટ મેળવવા રાજકીય પક્ષોમાં ઘમાસાણ.
- નકસલવાદીઓ મોટો હુમલો કરી શકે તેવી શક્યતા : આઇબી એલર્ટ.
- ફ્રાંસમાં વિદ્યાર્થીઓના ભારે દેખાવો.

# ઘોલવાણી ત્રણ રસ્તા પાસે અવાવરૂ જગ્યામાંથી રૂ. ૬૪ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભિલોડા, તા. ૬

અરવલ્લી જિલ્લાના ભિલોડાના ઘોલવાણી ત્રણ રસ્તા પાસેથી રૂ. ૪૬,૧૦૦ નો વિદેશી દારૂ છુપાઈ રાખેલો મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પી.એસ.આઈ. વી.યુ. ચાવડા અને જયંતીભાઈ પ્રજાતિ તેમજ સ્ટાફના માણસોને મળેલ બાતમીના આધારે ઘોલવાણી ત્રણ રસ્તા નજીક ભુતાવડ ગામ તરફ જવાના માર્ગ પર આવેલ કોમ્પલેક્ષની પાછળ બાવળોની ઝાડીઓમાં અવાવરૂ જગ્યામાં દારૂનો જથ્થો પર પ્રાંતમાંથી વેચાણ અર્થે લાવી છુપાવી રાખ્યો હતો. આરોપી બુટલેગર માનસીંગભાઈ પરથીભાઈ વણઝારા (રીટોળા તા. ભિલોડા)એ અવાવરૂ જગ્યામાં બાવળની ઝાડીમાં વાદળી રંગનું પ્લાસ્ટીક ઢાંકી તેની નીચે વિદેશી દારૂ અને બીયરની બોટલો મળી આવી હતી. ભિલોડા તાલુકામાં એક તરફ દિવાળી નિમિત્તે દારૂની માંગ વધુ રહેતી હોવાના કારણે બુટલેગરોએ દારૂનો જથ્થો એકત્રીત કર્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ભિલોડા અને શામળાજી પંથકના માર્ગો દારૂના બુટલેગરો માટે સ્વર્ગ સમાન છે. પોલીસ દ્વારા વધુ તપાસ આરંભાય તો દારૂ તેમજ બુટલેગરો ઝડપાઈ શકાય તેમ છે.

# ઈડરના રાની તળાવ પાસે ખાનગી બસ પલટી ખાતા ૧૭ને ઈજા

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રાણી તળાવ પાસે મંગળવારે બપોરના સમયે અમદાવાદથી અંબાજી તરફ જઈ રહેલા ખાનગી બસના ચાલકે ઢાળમાં અચાનક બસ પરનો કાબુ ગુમાવી દેતા બસ પલટી ખાઈ ગઈ હતી જેના કારણે બેઠેલા મુસાફરો પૈકી ૧૭ જણાને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી જેમને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા ઈડર સિવિલમાં ખસેડાયેલા હતા ત્યાર બાદ હિંમતનગર સિવિલમાં લવાયા હતા. આ અંગે ઈડર પોલીસને જાણ થતા પોલીસે સ્થળ પર જઈને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

# ચંદ્રાલા પાસે બાઈક ડિવાઈડર ઉપર ચઢી જતાં બે નાં મૃત્યુ

ગાંધીનગર, તા. ૬

અમદાવાદના મેમનગર વિસ્તારમાં રહેતા બે યુવાન મિત્રો બાઈક પર અંબાજી મંદિરે દર્શન કરવા ગયા હતા. ગઈ રાત્રે બન્ને મિત્રો પરત ફરી રહ્યા હતા ત્યારે ચિલોડા નજીક ચંદ્રાલા પાટીયા પાસે તેમનું બાઈક ડીવાઈડર પર ચઢી જતાં બન્ને મિત્રો ગંભીર રીતે ઘવાયા હતા. ઈજાગ્રસ્ત બન્ને મિત્રોનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

અમદાવાદના મેમનગર મેમકો વિસ્તારમાં રહેતા સંજયભાઈ રામાભાઈ મરાઠા (આજમાણી) અને તેમના મિત્ર વિજયભાઈ શંકરભાઈ વણઝારા બન્ને બાઈક લઈને ઘરેથી અંબાજી મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને ગઈકાલે પરત ફરી રહ્યા હતા ત્યારે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચંદ્રાલા ગામનાં પાટીયા પાસે તેમનું બાઈક નં. જીજે-૧એન.આર.૮૫૮૧ હાઈવેના ડીવાઈડરની ઉપર ચઢે ગયું હતું. જેને પગલે બન્ને મિત્રો ગંભીર રીતે ઘવાયા હતા. વિજય વણઝારાને અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને સંજય મરાઠાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. આજે તે બન્ને મિત્રોના સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.



ચિલોડા પોલીસે સુરેશભાઈ વણઝારાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. પી.જે. પંડ્યા તથા એ.એસ.આઈ. હિરાજી ખાંટે વધુ તપાસ શરૂ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# તાજપુર કુઈ ગામે તસ્કરોએ દુકાનમાં ડોક્યું કર્યું

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામ નવા વર્ષની રાત્રિએ એક દુકાનને તસ્કરોએ પોતાનું નિશાન બનાવ્યું હતું અને તાળુ તોડી દુકાનમાં ડોકીયુ કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર નવા વર્ષની મધ્યરાત્રીએ કેટલાક તસ્કરોએ તાજપુર કુઈ ગામની એક દુકાનને નિશાન બનાવ્યું હતું. દુકાનનું તાળા તોડી શટર ઉંચુ કરી તેમાં પ્રવેશ કર્યો હતો. દુકાનમાં પડેલ પરચૂરણ ચીજવસ્તુઓ મળી રૂ. ૫૦૦ની મત્તાની ચોરી કરી હતી અને આખી દુકાનમાં વેરવિખેર કરી નાખ્યું હતું. બાદમાં ત્યાંથી પલાયન થઈ ગયા હતા આ મામલે સવારે દુકાન માલિક ભાવેશ પ્રજાપતિએ પ્રાંતિજ પોલીસમથક ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.